મૃતદેહો સડી જવાથી ફેલાયેલી અસહ્ય દુર્ગંધ અને રોગચાળાની દહેશતથી સ્થાનિકોમાં રોષ

પૂરમાં મરેલી 60 ભેંસના મૃતદેહનો નિકાલ નહીં થતાં રોગચાળાનો ભય

ભારે વરસાદ અને પૂરને કારણે તબેલામાં બંધાયેલી 60થી વધુ ભેંસો ડૂબી ગઈ હતી

ઉમરગામના બોરલાઈ ગામે તંત્રની દરમિયાનગીરી બાદ આખરે નિકાલની કામગીરી હાથ ધરાઈ

ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામના બોરલાઈ તબેલામા પૂરના કારણે મોતને ભેટેલી 60 જેટલી ભેંસોનો મૃતદેહનો યોગ્ય નિકાલ ન કરાતા અસહ્ય દુર્ગંધથી રોગચાળો ફાટી નીકળવાનો ભય સ્થાનિકોને સતાવવા લાગ્યો હતો. ભારે હોહાપો પછી ભેસોના મૃતદેહનો યોગ્ય નિકાલની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત સુત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ગત બુધવાર, ગુરૂવારે અતિ ભારે વરસાદ અને પૂરના કારણે ઉમરગામ તાલુકાના બોરલાઈ ગામે તબેલામાં બાંધેલી 60 થી પણ વધુ ભેંસો પાણીમાં ડૂબી જવાના કારણે મોતને ભેટી હતી. મોતને ભેટેલી ભેસોના મૃતદેહનો યોગ્ય નિકાલ ન કરાતા મૃતદેહ સડી ગયા હતા અને ભારે દુર્ગંધથી સ્થાનિકો ખૂબ જ પરેશાન થઈ ગયા હતા. અને રોગચાળો ફાટી નીકળવાની ચિંતા સતાવવા લાગી હતી. આ બાબતે જિલ્લા કક્ષાએ તથા તાલુકા કક્ષાએ જાણ કરવામાં આવી હતી તથા પશુપાલકને પણ તાત્કાલિક ભેંસોના મૃતદેહનો યોગ્ય નિકાલ કરવા જણાવવામાં આવતા આખરે ભેંસોના મૃતદેહનો યોગ્ય નિકાલની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ભારે વરસાદની આગાહીથી નવસારીનું તંત્ર એલર્ટ

નવસારીઃ ભારતીય હવામાન વિભાગ દ્વારા આગામી 31 જુલાઈએ નવસારી જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવતાં જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ સતર્ક બન્યું છે. સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં તાજેતરના ભારે વરસાદ અને પૂર દરમિયાન હાથ ધરાયેલી બચાવ, રાહત અને પુનઃસ્થાપન કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરે તમામ વિભાગોને પરસ્પર સંકલન સાથે કાર્ય કરવાની, નીચાણવાળા અને સંવેદનશીલ વિસ્તારો પર સતત નજર રાખવાની તેમજ જરૂરિયાત મુજબ સ્થળાંતર, બચાવ સાધનો, માનવબળ અને આવશ્યક સુવિધાઓ અગાઉથી તૈયાર રાખવાની સૂચના આપી હતી.

નવસારીમાં કરોડોના નાણાકીય ગોટાળાની ચર્ચાએ પકડ્યું જોર!

ઊંચા વળતરની લાલચે અંદાજે ૧૦૦ કરોડથી વધુનું રોકાણ ફસાયાની આશંકા

નવસારીઃ નવસારી શહેરમાં ગાંધી અટકધારી એક ફાઈનાન્સર સામે કરોડો રૂપિયાના કથિત નાણાકીય ગોટાળાની ચર્ચાએ ભારે જોર પકડ્યું છે. ઊંચા વળતરની લાલચ આપી વેપારીઓ અને અન્ય રોકાણકારો પાસેથી મોટી રકમ એકત્ર કર્યા બાદ ફાઈનાન્સર અચાનક સંપર્કવિહોણો બની ગયો હોવાના આક્ષેપો સામે આવ્યા છે. શહેરમાં આશરે 100 કરોડથી વધુનું રોકાણ ફસાયું હોવાની ચર્ચા ચાલી રહી છે, જોકે આ આંકડાની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

સૂત્રોના જણાવ્યા મુજબ, નવસારીના હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓ સહિત અનેક લોકોએ વિશ્વાસના આધારે લાખો અને કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હતું. શરૂઆતમાં નિયમિત વળતર મળતાં વધુ લોકો પણ આ રોકાણમાં જોડાતા ગયા હતા. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી ચૂકવણીઓ બંધ થઈ જતાં અને સંચાલક ગાયબ થઈ જતાં રોકાણકારોમાં ગભરાટ ફેલાયો છે.

ચર્ચા એવી પણ છે કે ગાયબ થયા બાદ સંબંધિત ફાઈનાન્સરે કેટલાક રોકાણકારોને વોટ્સએપ પર સંદેશ મોકલી ધંધામાં નુકસાન થયું હોવાનું અને નાણાં અન્યત્ર વપરાઈ ગયા હોવાની વાત લખી હતી. જોકે, આ મેસેજની સત્યતા અને પ્રામાણિકતા અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા મુજબ, સમગ્ર મામલો હવે નવસારી ટાઉન પોલીસ સુધી પહોંચ્યો છે અને પોસ્ટ અથવા રોકાણ યોજનાના નામે છેતરપિંડી થઈ હોવાના આક્ષેપો સાથે અરજી કરવામાં આવી છે. પોલીસ હાલ અરજીના આધારે પ્રાથમિક તપાસ કરી રહી છે.

તપાસ દરમિયાન નાણાકીય વ્યવહારો, રોકાણ સંબંધિત દસ્તાવેજો અને અન્ય પુરાવાઓની ચકાસણી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. જો તપાસમાં છેતરપિંડી, વિશ્વાસઘાત અથવા અન્ય નાણાકીય ગુનાના પુરાવા સામે આવશે તો સંબંધિત કાયદાની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધાઈ શકે છે.

નવસારીમાં સોનાના દાગીના છોડાવવાના બહાને ૧.૩૫ લાખની ઠગાઈ

આરોપી દાગીના વેચીને હિસાબ ચૂકવવાની બાંહેધરી આપી રોકડ લઈને રફૂચક્કર થઈ ગયો

નવસારીઃ શહેરના કંસારવાડા નાકા વિસ્તારમાં આવેલી જ્વેલર્સની દુકાને વિશ્વાસનો લાભ ઉઠાવી રૂ. 1.35 લાખની ઠગાઈ આચરવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. સોનાના દાગીના છોડાવી તે જ દુકાનમાં વેચાણ કરી હિસાબ ચૂકવી દેવાની વાતમાં વિશ્વાસ મુકનાર વેપારીને આરોપીએ છેતરી રોકડ રકમ લઈને પલાયન કર્યું હતું.

ગત 14 જુલાઈએ પારડીનો રહેવાસી હુસેન પારડીવાલા કંસારવાડા નાકા સ્થિત ફૈજ જ્વેલર્સ પર પહોંચ્યો હતો. તેણે ગીરવે મુકેલા સોનાના દાગીના છોડાવવાનું જણાવી દાગીના વેચાણ કરીને બાકી રકમ ચૂકવી દેવાની ખાતરી આપી હતી. તેની વાતમાં વિશ્વાસ રાખી વેપારીએ રૂ. 1,35,000 રોકડા આપ્યા હતા. આરોપીએ એટીએમમાં રકમ જમા કરાવવાની અને દાગીનાની કાર્યવાહી માટે માતાને સાથે લાવવાની જરૂર હોવાનું કહી નીકળી ગયો હતો. જોકે, તે પરત ફર્યો નહીં અને વેપારીને ઠગાઈનો ભોગ બન્યાની જાણ થતાં પોલીસનો સહારો લેવો પડ્યો હતો. ભોગ બનનાર વેપારીની ફરિયાદના આધારે નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ ઇન્સ્પેક્ટર એમ. એ. ચૌહાણના માર્ગદર્શન હેઠળ આરોપીની શોધખોળ સહિત વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ગણદેવી સુગર ફેક્ટરીની ચૂંટણીમાં ફરજ સોંપાતા શિક્ષકોનો વિરોધ

નવસારી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘે રજૂઆત કરી

બીલીમોરા : ગણદેવી તાલુકા ખાંડ સહકારી મંડળી (સુગર ફેક્ટરી) ની આગામી ચૂંટણી સંદર્ભે ૧૦૦ શિક્ષકોને ચૂંટણી સ્ટાફ તરીકે સોંપવામાં આવેલી કામગીરી સામે જિલ્લા શિક્ષક સંઘ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. આ અંગે શિક્ષક સંઘે નાયબ કલેક્ટર (ચૂંટણી શાખા), કલેક્ટર કચેરી, નવસારીને લેખિતમાં રજૂઆત કરી ઓર્ડર રદ કરવા માંગ કરી છે.

શિક્ષક સંઘના પ્રમુખ અને મહામંત્રી દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં જણાવ્યા અનુસાર, R T E 2009 ની વર્તમાન જો ગવાઈ મુજબ પ્રાથમિક શિક્ષકોએ માત્ર ગ્રામ પંચાયતથી લઈને લોકસભા સુધીની સરકારી ચૂંટણીઓ, વસ્તી ગણતરી અને આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી જ કરવાની હોય છે. સહકારી સંસ્થા જેવી બિનશૈક્ષણિક કામગીરી શિક્ષકો પાસે કરાવવી યોગ્ય નથી. આ પત્રમાં જણાવાયું છે કે, ગણદેવી તાલુકામાં આવેલા પૂરના કારણે પ્રાથમિક શાળાઓમાં પાણી ભરાઈ જતાં ભારે નુકસાન થયું છે. શિક્ષકો શાળાઓને પુનઃ પૂર્વવત કરવા સ્થિતિને થાળે પાડવા અને રાહત કામગીરીમાં વ્યસ્ત છે.આવી પરિસ્થિતિમાં શિક્ષકોને બિનશૈક્ષણિક અને સહકારી ક્ષેત્રની ચૂંટણીના હુકમો કરવા ગેરવાજબી છે. જેથી શિક્ષક સંઘે માંગ કરી છે કે આ અંગે યોગ્ય કક્ષાએથી ઘટતું કરી શિક્ષકોને અપાયેલા ચૂંટણીના હુકમો તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે એવી માંગ કરી છે.

ચોમાસાની ઋતુમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત વચ્ચે તંત્ર પગલાં ભરે તેવી લોકમાંગ

જાહેરમાં મેડિકલ વેસ્ટ સળગાવતા રોષ

ચીખલી ખાનગી હોસ્પિટલ સામે સ્થાનિકોમાં રોષ

સિરિન્જ, ગ્લોવ્ઝ અને પટ્ટીઓ જેવા ચેપજન્ય કચરામાંથી નીકળતા ઝેરી ધુમાડાથી લોકો ત્રસ્ત

ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલીમાં જાહેર સ્થળે બાયો-મેડિકલ વેસ્ટનો નિકાલ કરતા રોગચાળો ફેલાવાની ભીતિ વચ્ચે ખાનગી હોસ્પિટલ સામે સ્થાનિકોમાં રોષ ફેલાવા પામ્યો છે. જયદીપ શોપિંગ સેન્ટર નજીક મેડિકલ વેસ્ટ સળગાવતા ઝેરી ધુમાડા અને અસ્વચ્છતાથી વેપારીઓમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો હતો.

ચીખલીના જયદીપ શોપિંગ સેન્ટર પાસે ખાનગી હોસ્પિટલ સાથે સંકળાયેલી નર્સ છેલ્લા કેટલાક દિવસોથી જાહેર જગ્યામાં મેડિકલ વેસ્ટ ઠાલવી તેને સળગાવતા મેડિકલ વેસ્ટમાંથી નીકળતા ઝેરી ધુમાડાના કારણે આસપાસના વેપારીઓ અને સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે બુધવારે બપોરના સમયે ખાનગી હોસ્પિટલનો સ્ટાફ દ્વારા જાહેર સ્થળે મેડિકલ વેસ્ટ નાંખવા જતા જ વેપારીઓ દોડી જઇ સમગ્ર બાબતે વીડિયો બનાવી દીધો હતો. જાહેર સ્થળે બાયો-મેડિકલ કચરાનો નિકાલને પગલે કચરામાં વપરાયેલી સિરિન્જ, ગ્લોવ્ઝ, કોટન, પટ્ટીઓ અને અન્ય ચેપજન્ય સામગ્રીનો સમાવેશ થતો હોય છે. આવા કચરાના સંપર્કમાં આવવાથી ચેપજન્ય રોગો ફેલાવાની શક્યતા વધી જાય છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને રખડતા પશુઓ માટે આ પ્રકારનો કચરો વધુ જોખમકારક હોય હાલે ચોમાસાની ઋતુ દરમ્યાન આવા કચરાના કારણે દુર્ગંધ ફેલાવા સાથે ઉપરાંત મચ્છર અને અન્ય જીવાતોનો ઉપદ્રવ પણ વધવાની સંભાવના પણ નકારી શકાય તેમ નથી.

સહકરી ખાંડ ઉધોગ મંડળ લિમિટેડ ગણદેવી
ગણદેવી સુગર ફેક્ટરી ચૂંટણી - 2026

સહકાર પેનલ

આપણો સંકલ્પ : સહકાર થી સમૃદ્ધિ

સહકાર થી સમૃદ્ધિ... આપનો કિંમતી અને પવિત્ર મત સહકાર પેનલ ને આપી યાદગાર વિજય અપાવો...
- અભિષેક પટેલ

વિભાગ	ઉમેદવારનું નામ		નિશાન	
અ-વર્ગ ૧	જગદીશભાઈ બાબુભાઈ પટેલ ચાંગા-ધનોરી			卐
અ-વર્ગ ૨	અભિષેક નટવરલાલ પટેલ એંધલ			卐
અ-વર્ગ ૪	યેતનભાઈ જીવણભાઈ પટેલ કુયેદ			卐
અ-વર્ગ ૫	અરૂણભાઈ ગોવિંદભાઈ પટેલ બુટલાવ			卐
અ-વર્ગ ૬	સન્મુખભાઈ લલ્લુભાઈ પટેલ ધામણ			卐
અ-વર્ગ ૭	કલ્પેશકુમાર ભગુભાઈ પટેલ બોડવાંક			卐
અ-વર્ગ ૮	અશોકભાઈ રણછોડભાઈ પટેલ સાદકપોર			卐
અ-વર્ગ ૯	તુષારભાઈ રમેશભાઈ પટેલ નોગામા			卐
અ-વર્ગ ૧૧	રમેશભાઈ બાબુભાઈ પટેલ ગોપલા-મહુવા			卐
અ-વર્ગ ૧૨	ગણપતસિંહ વલ્લભભાઈ ચૌહાણ વાંદરવેલા			卐
બ-વર્ગ ૧૫	અમૃતભાઇ ખંડુભાઇ નાયક ગડત			卐
મહિલા અનામત - 2 મત				
મહિલા અનામત ૧૩	યેતનાબેન પિયુષભાઈ પટેલ સામર ફળિયા			卐
મહિલા અનામત ૧૩	નીપાબેન રાકેશભાઈ દેસાઈ સંદલપુર			卐
ST/SC અનામત - 1 મત				
અ-વર્ગ ૧૪ અ.જા. અ.જ.જા	કિરણભાઈ ઠાકોરભાઈ પટેલ ખેરગામ			卐

વિજયી સહકાર - વિકાસશીલ ગણદેવી સુગર તરફ એક મજબૂત પગલું

વિકાસ, વિશ્વાસ અને સહકારના અડગ સંકલ્પ સાથે સહકાર પેનલ ગણદેવી સુગરના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત રહેવાનો નિર્ધાર વ્યક્ત કરે છે. ખેડૂત સભાસદોના હિતોનું રક્ષણ, સંસ્થાની આર્થિક મજબૂતી, પારદર્શક વહીવટ અને નવી વિકાસયાત્રા એ જ અમારી પ્રથમ પ્રાથમિકતા છે. આપના વિશ્વાસ અને સહયોગથી જ સંસ્થાને વધુ પ્રગતિના શિખરો સુધી પહોંચાડી શકાશે.

આવનારી ચૂંટણી માત્ર ઉમેદવારોની પસંદગી નથી, પરંતુ ગણદેવી સુગરના ઉજ્જવળ ભવિષ્યની દિશા નક્કી કરવાની મહત્વપૂર્ણ તક છે. આપનો એક-એક કિંમતી અને પવિત્ર મત સંસ્થાના વિકાસ, ખેડૂત કલ્યાણ અને સહકારી મૂલ્યોને વધુ મજબૂત બનાવવામાં નિર્ણાયક સાબિત થશે. સહકાર પેનલના તમામ ઉમેદવારો વર્ષોથી સેવાભાવ, નિષ્ઠા અને જવાબદારી સાથે કાર્ય કરતા રહ્યા છે અને ભવિષ્યમાં પણ એ જ સમર્પણ સાથે આગળ વધવા પ્રતિબદ્ધ છે.

આવો, સહિયારા સંકલ્પ, એકતા અને સહકારની ભાવના સાથે ગણદેવી સુગરને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવાનો સંકલ્પ લઈએ. વિકાસની નવી તકો સર્જવા, સભાસદોના હિતોને સર્વોચ્ચ સ્થાન આપવા અને સંસ્થાને વધુ સમૃદ્ધ, મજબૂત અને પ્રગતિશીલ બનાવવા માટે સહકાર પેનલના તમામ ઉમેદવારોને આપનો કિંમતી અને પવિત્ર મત આપી ભવ્ય બહુમતીથી વિજયી બનાવો.

આપનો વિશ્વાસુ
રણજિતભાઈ પટેલ (બિનહરીફ વિજેતા)
અને સહકાર પેનલના તમામ સાથી ઉમેદવારો